પૂ. પ્રમુખ સ્વામી મહારાજ સાથેનાં પાવન સંસ્મરણો

ગુજરાતની માટીમાંથી પેદા થયેલા ધરતીનાં છોરુએ 'વિશ્વ સંત'ની ગરિમા હાંસલ કરી છતાં એમના ચહેરા પર કયારેય એનું ગુમાન નથી ફરક્યું : એમણે મંદિરોને આધ્યાત્મિક સંદેશ આપતી વિદ્યાપીઠોમાં ફેરવીને સાંસ્કૃતિક ક્ષેત્રે ક્રાંતિ કરી બતાવી છે

તંત્રીસ્થાનેથી...

પૂ. પ્રમુખ સ્વામીને શત્ શત્ પ્રણામ

બ્રહ્મલીન પ્રમુખ સ્વામી મહારાજ પ્રત્યે અહોભાવ દર્શાવીને ગુજરાતની સરકારે એક સ્તુત્ય પગલું ભર્યું છે. 'બાપા'ના હુલામણા નામે ઓળખાતા પ્રમુખ સ્વામી જન્મે તો ચરોતરના ખેડૂત પરિવારનું ફરજંદ. પરંતુ એમનાં વયોવૃદ્ધ બહેન કહે છે એમ બાળવયે જ એમના આધ્યાત્મિક સંસ્કારોનો પરચો મળી ગયો હતો. મકાન પડવાની તૈયારીમાં હતું ત્યાં એ દોડતા દોડતા આવીને બહેનને હાથ ઝાલીને બહાર ખેંચી ગયા હતા. બાપાએ સ્વામિનારાયણ ભગવાનના આશ્રય પછી તો આવા અનેક મુમુક્ષુઓનો ઉદ્ધાર કર્યો છે - એમને જીવનેજીવ અક્ષરધામ નિવાસનો અહેસાસ કરાવ્યો છે. બાપા અને બીજા સાધુ સંતોમાં એક આંખે ઊડીને વળગે એવો ફરક હતો. બાપા કયારેય વાણી વિલાસ ન કરતા. એમણે જે કંઈ પ્રભાવ ઊભો કર્યો તે એમના આચરણના પ્રતાપે. વિશ્વમાં હિંદુ મંદિરોની હારમાળા સર્જનારા સંત તરીકે એમને ઈતિહાસ યાદ રાખશે. પોતે નિમિત્ત માત્ર છે અને જે કંઈ થાય છે તે માત્ર ને માત્ર ભગવાન સ્વામિનારાયણની કૃપાથી અને ઈચ્છાથી થાય છે, એવા વિનમ્ર ભાવથી ચોરાણું પંચાણું વર્ષની લાંબી કારકિર્દીમાં બાપાએ વિક્રમજનક કામગીરી કરીને વિદાય લીધી છે ત્યારે એમની શારીરિક ગેરહાજરી ખૂબ સાલશે. પરંતુ આવાં વિભૂતિ તત્ત્વોની સૂક્ષ્મ હાજરી તો દેહત્યાગ પછી પણ પ્રેરણાનો ધોધ વહાવતી જ રહે છે. બાપાનું પ્રભાવક્ષેત્ર કેટલું વ્યાપક હતું તે દેશવિદેશમાંથી ચાલુ રહેતી શ્રદ્ધાંજલીની સરવાણીથી સમજી શકાય એમ છે. બિલ ક્લિન્ટન, હિલેરી ક્લિન્ટન, ઓબામા અને બ્રિટનના પ્રિન્સથર્ડ લઈ ભારતના રાષ્ટ્રપતિ તથા વડાપ્રધાન સહિતના મહાનુભાવો એક અદના સંતની વિદાય પ્રસંગે શ્રદ્ધાંજલી આપવા લાઈન લગાવે તે શું કોઈ નાની સૂની ઘટના છે? સ્વામિનારાયણ સંપ્રદાય એ વૈષ્ણવ ધર્મની જ શાખા છે. એમાં સાધુ પરંપરાનો જે ફાંટો પડ્યો એ વધુ શ્રદ્ધેય નીવડ્યો. બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સંસ્થાએ છેલ્લાં પચાસેક વર્ષ દરમિયાન દુનિયાભરમાં સ્વામિનારાયણનો જય જયકાર કરાવી ભારતીય સંસ્કૃતિની વિજય પતાકા લહેરાવી છે. એ દૃષ્ટિએ જોતાં બ્રહ્મલીન પ્રમુખ સ્વામી હિંદુ ધર્મના પોપ જેવી ગરિમા આંબી ગયા હતા અને દેશવિદેશમાં એમને એવું જ માનપાન પણ મળતું રહ્યું હતું. બાપાએ ગાંધીનગર અને દિલ્હીમાં અક્ષરધામ મંદિરો સ્થાપીને હિંદુ મંદિરોનો એક નવો જ કન્સેપ્ટ આપ્યો છે. વિદેશમાં પણ વિશ્વનું સૌથી મોટું મંદિર સ્થાપવાનો વિક્રમ બાપાના નામે ચઢે છે. અલબત્ત, માત્ર મંદિરો જ ઊભા કરવાં પાછળ એમણે પોતાની શક્તિ નથી ખર્ચી. મંદિરોને એમણે સમાજસેવાનાં કેન્દ્રો બનાવ્યાં છે. એમણે મંદિરોને આધ્યાત્મિક સંદેશ આપતી વિદ્યાપીઠોમાં ફેરવીને સાંસ્કૃતિક ક્ષેત્રે ક્રાંતિ કરી બતાવી છે. પાટનગર ગાંધીનગર ક્યારેક સરકારી કર્મચારીઓની વસાહત કે રાજકારણીઓના અખાડા તરીકેની વરવી ઓળખ ધરાવતું હતું. અક્ષરધામની સ્થાપના પછી ગાંધીનગરની એ ઓળખ બદલાઈ ગઈ છે. અક્ષરધામની સ્થાપના પછી દેશની રાજધાની દિલ્હીને પણ નવી ઓળખ સાંપડી છે. ગુજરાતની માટીમાંથી પેદા થયેલા ધરતીનાં છોરુએ 'વિશ્વ સંત'ની ગરિમા હાંસલ કરી છતાં એમના ચહેરા પર કયારેય એનું ગુમાન નથી ફરક્યું. એમણે સમભાવ અને સદ્‌ભાવથી બધા ધર્મોનો આદર કર્યો છે અને બધાનો આદર મેળવ્યો છે. સુશિક્ષિત સંતોની પરંપરા ઊભી કરીને એમણે. બી.એ.પી.એસ.ને એક મૂઠી ઊંચેરી સાંસ્કૃતિક વિરાસત તરીકે વિકસાવીને વિદાય લીધી છે. રાજ્ય સરકારે તાબડતોબ કેટલીક મહત્ત્વની જગ્યાઓને પ્રમુખ સ્વામી સાથે જોડીને એમને અંજલી આપવાનો ઉપક્રમ દાખવ્યો છે. વાડજથી વાસણા સુધીના રિવર ફ્રંટ રાજમાર્ગને પ્રમુખ સ્વામીનું નામ મળતાં એ માર્ગ જ નહીં, સાબરમતી પણ પ્રસન્નતા અનુભવશે.

'ગાંધીનગર સમાચાર'ના આંગણે કવિ ભાગ્યેશભાઈ જહા, વરિષ્ટ પત્રકાર પ્રકાશભાઈ જહાને આશીર્વચન પાઠવતા પૂ. બાપાશ્રી

અમૃતભાઈ વર્મા દ્વારા સેક્ટર-૨૨ ખાતે કાર્ય કરતા હતા. ધૂન, ભજન, પ્રાર્થના, પ્રસંગોની રમઝટ બોલાવતા હતા. તે વખતી રણજિતભાઈ ચાવડા, જયેશભાઈ ચાવડા, મહાદેવભાઈ વાઘોડીયા, હું વગેરે નાનીમોટી સેવાઓ કરતા. તે વખતે અમે બાળમંડળ દ્વારા સૌપ્રથમ હસ્તલિખિત અંક તૈયાર કર્યો હતો. આ અંક સ્વામીનારાયણ મંદિર, શાહીબાગ ખાતે પૂ. પ્રમુખ સ્વામી મહારાજને આપી અમે તેમના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. એ પછી હું જ્યારે એંગ્રો ઈન્ડસ્ટ્રીઝમાં ગોંડલ ખાતે નોકરી કરતો ત્યારે સ્વામીનારાયણ મંદિરમાં જ રહેતો. અહીં પણ પૂ. બાપા અને હકાબાપુના સત્સંગનો દિવ્ય લાભ મળતો. પૂ. પ્રમુખસ્વામી મહારાજ એક વખત પધાર્યા હતા ત્યારે અમે બધા યુવકો સભાખંડ પાસે ગોઠવાયેલા હતા અને બાપા વચ્ચે બિરાજમાન હતા. તે સમયે સોના પરિચય વેળા હું તેલના ભંડારમાં અતિ સામાન્ય નોકરી કરતો હોવા છતાં મને હળવા સ્મિત સાથે તેમણે 'તેલવાળા શેઠ' કહીને સંબોધ્યો હતો ને હું ગદ્‌ગદ્ થઈ ગયો હતો. એ પછી મને આફ્રિકા ગેસ્ટ હાઉસમાં પણ તેમની સેવા કરવાનો મોકો પ્રાપ્ત થયો હતો. પૂ. બાપા પાસેથી યોગી શતાબ્દિ, અમૃત મહોત્સવ, બાળ સુવર્ણ મહોત્સવ, દ્વિશતાબ્દિ મહોત્સવે શુભાશિષ પ્રાપ્ત થયા છે. બાપાએ અમારા સે.૧૬ના નિવાસસ્થાને પધરામણી પણ કરી હતી, એમનાં દર્શનનો દિવ્ય લાભ અમને આપ્યો હતો.

અમર આશીર્વાદ : મારા પિતાશ્રીને બ્રિચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. પ્રમુખ સ્વામી મહારાજને પત્ર લખીને આશિષ માગ્યા ને તેમણે આપ્યા ને અમારા સૌના આશ્રર્ય વચ્ચે પિતાશ્રીના રિપોર્ટ્સમાં કોઈ રોગ જોવા ન મળ્યો... જતિન ઓઝા, નાયબ કાર્યપાલક ઈજનેર, પાટનગર યોજના ભવન, ગાંધીનગર

રહી સંયમી આપે જ્ઞાન સંસ્કાર : પ્રમુખ સ્વામી

દીનદુઃખીમાં નિરખે પ્રભુ સદા... પ્રમુખ સ્વામી
આપી સમજ છોડાવે વ્યસનોને... પ્રમુખ સ્વામી
ઝાલીને હાથ ઉતારે ભવપાર... પ્રમુખ સ્વામી
રાખી લાગણી સાથે ઉત્કર્ષ સૌનો... પ્રમુખ સ્વામી
છે સમર્પિત યુવા ઉત્થાન માટે... પ્રમુખ સ્વામી
રહી સંયમી આપે જ્ઞાન સંસ્કાર... પ્રમુખ સ્વામી
બની સેવક બન્યા માર્ગદર્શક... પ્રમુખ સ્વામી
પરિવર્તન કરે આત્મવિશ્વાસે... પ્રમુખ સ્વામી
બની બાળક અર્વે નિર્મળ નેહ... પ્રમુખ સ્વામી
કરી કરુણા મારે ધબ્બા પ્રેમથી... પ્રમુખ સ્વામી
જ્ઞાન સરિતા વહાવે સ્નેહે સદા... પ્રમુખ સ્વામી
કરી સત્કર્મ નિસ્પૃહી રહે સદા... પ્રમુખ સ્વામી
સાધી લક્ષ્યને લોકહૃદયમાં રહ્યા... પ્રમુખ સ્વામી
યોગી કૃપાએ બન્યા યુગપુરુષ... પ્રમુખ સ્વામી
સત્કર્મ થકી છે વિશ્વવંદનિય... પ્રમુખ સ્વામી
વસી રહ્યાં છે સત્સંગીના દિલમાં... પ્રમુખ સ્વામી

- ઈશ્વરલાલ દેવશંકર જોષી, સેક્ટર-૪/ડી

બાપાએ આશીર્વાદ સાથે પત્ર પણ આપ્યો ને અમને ધાર્મિક પ્રવચનોનું સદ્‌ભાગ્ય સાંપડ્યું

૧૯૮૬ની સાલમાં ડૉ. ચંદ્રકાન્ત મહેતા સાહેબ, (ગુજરાત યુનિવર્સિટીના માજી ઉપકુલપતિ) તેમજ ગુજરાતના મોટા ગજાના નવલ કથાકાર સ્વર્ગસ્થ પ્રો. પ્રિયકાંતભાઈ પરીખ સાથે મને આફ્રિકા, ઈંગ્લેન્ડ અને યુરોપનો શૈક્ષણિક તેમજ ધાર્મિક વિદેસ પ્રવાસ કરવા મળેલ.

ઉપરોક્ત પ્રવાસ કરતાં પહેલાં પૂ. બાપાના આશીર્વાદ મેળવવા હું ગઢપુર મુકામે રૂબરૂમાં ગયેલ. ત્યારે પૂ. બાપાએ આશીર્વાદ સાથે મને પત્ર લખી આપે. અને તેના કારણે પૂ. મહેતા સાહેબ, પૂ. પરીખ સાહેબ અને મને આફ્રિકા, ઈંગ્લેન્ડ અને યુરોપના તમામ મંદિરોમાં પૂ. બાપાના આશીર્વાદથી ધાર્મિક પ્રવચનો કરવા મળેલ.

પૂ. બાપાની અસીમ કૃપાથી અને તેઓના આશીર્વાદથી મારો દીકરો લંડન ખાતે અભ્યાસ કરી સ્થાયી થયેલ છે. મારી દીકરી અમેરિકા ખાતે અભ્યાસ કરી સ્થાયી થયેલ છે. આ બધી જ પ્રગતિમાં પૂ. બાપાનું માર્ગદર્શન, આશીર્વાદ અને મદદ કામ લાગ્યા છે. હું એમનો ઋણી છું અને રહીશ.

- પ્રકાશકુમાર પ્રભુલાલ ભગત, સેક્ટર-૨૮

પૂ. પ્રમુખ સ્વામી મહારાજ સાથે ઈડર તાલુકાના ગોધમજી ગામના સંત શિરોમણી શ્રીમદ જેશીંગભાપા પૂજનવિધિમાં દૃષ્ટિગોચર થાય છે.

અહેતુકી કરૂણા

પ્રમુખ સ્વામી મહારાજને ત્રણ-ચાર વાર નજીકથી મળવાનું થયું. તલોદ ખાતે એક શ્રોકની પેઢીનું ઉદ્‌ઘાટન કરવા આવેલા ત્યારે તો દૂરથી જ દર્શન કરેલા. એમના યજમાને પધરામણી કરાવવાની ઓફર કરી તે પણ, ઠંડી પહેરાવી દેશે એવી દહેશતથી નહોતી સ્વીકારી. તેમ છતાં બાપા તો બાપા હતા. મારી સાસરીના ગામ ભદ્રેસરમાં એમના પરમ ભક્ત અને મારા સ્વજન ડૉ. રામુભાઈને ઘેર પધરામણી હતી ત્યારે મારા શ્રદ્ધાળુ પિતા સાથે હું પણ હાજર રહેલો. ભદ્રેસરથી હાઈસ્કૂલના મેદાનમાં યોજાયેલા બાપાના સત્સંગ કાર્યક્રમનું સંચાલન કરવાની જવાબદારી પણ નિભાવેલી. સાબરકાંઠાના લોકસંત જેસંગ બાવજીની ધોડશી વખતે બાપા હાજર રહેલા. એ વખતે મેં શ્રદ્ધાંજલી પ્રવચન કરેલું તેની વ્યાપક નોંધ લેવાઈ હતી. પ્રમુખ સ્વામી સાળંગપુરમાં જ નિવાસ કરી રહ્યા હતા ને અરસામાં યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ દ્વારા પ્રકાશિત, વિષ્ણુ દેવ પંડિત દ્વારા સંપાદિત વેદવાણીના ગ્રંથો અર્પણ કરવા હું જાતે સાળંગપુર ગયો હતો. બાપાએ એમના સવારના સત્સંગમાં રોજિંદા કાર્યક્રમો ટૂંકાવી મારી એ આધ્યાત્મિક ભેટનો સ્વીકાર કર્યો હતો અને આગ્રહપૂર્વક મારા પ્રવચનનું આયોજન કરાવ્યું હતું. સાળંગપુરમાં જ પ્રસાદ પણ લીધો હતો. એ પછી ફરી એક વાર એમને સાળંગપુર ખાતે જ મળવા ગયેલો. ત્યારે મારા માથા પર જે સોમણનો ભાર લઈને ગયેલો તે તત્કાળ હળવો કરી એમણે આશીર્વાદ આપ્યા હતા. સ્વામી સાથેની છેલ્લી મુલાકાક ખૂબ જ હૃદયદ્રાવક હતી. બાપાને છેલ્લે તો એવી સ્થિતિમાં મૂળ્યો કે એમની શારીરિક સ્થિતિ જોઈ આંખ ભીની થઈ ગઈ. પૂ. બ્રહ્મવિહારી સ્વામીએ એ મુલાકાત કરાવી, તે ભૂલી ભુલાય એવી નથી. અક્ષરધામ ખાતે જ એ મુલાકાત થઈ. પછી તો અંજળ એવાં ખૂટ્યાં કે તા.૧૩ ઓગસ્ટની સાંજે રાજકોટમાં મારા મિત્ર પુરુષોત્તમ લુણાગરિયાના ઘરે બાપા દિવંગત થયાના શોકજનક સમાચાર મળ્યા !

- ડૉ. કેશુભાઈ દેસાઈ, સેક્ટર-૧૯, ગાંધીનગર

અંતરની અમોલી યાદ... 'ગાંધીનગર સમાચાર' ખાતે પૂ. બાપા

પૂ. પ્રમુખસ્વામીના આશીર્વાદ પ્રાપ્ત કરી રહેલા શ્રદ્ધાદીપ પેથોલોજી લેબોરેટરીના મહેન્દ્રભાઈ ગજજર

પૂ. બાપાનાં દર્શનનો લાભ લઈ રહેલાં શહેરના અગ્રણી બિલ્ડર નિલય દેસાઈ અને તેમના પુત્ર નંદિશ

અક્ષરધામ ખાતે પૂ. પ્રમુખ સ્વામી મહારાજના આશીર્વાદ પ્રાપ્ત કરી રહેલા શહેરના કલાકાર બલવંત સિંધા (બલ્લુ)

બાપાએ ફેક્સ દ્વારા આશીર્વાદ પાઠવ્યા

હું જીઈબીમાંથી ડિસેમ્બર-૨૦૦૭માં નિવૃત્ત થયા બાદ અક્ષરધામ મંદિર ગાંધીનગરમાં હાલ નિર્લક્ઠ અભિષેક સેવા વિભાગમાં માનદ સેવા આપું છું. મે - ૧૯૯૬માં હું નાયબ ઈજનેર તરીકે પુવારણ પાવર સ્ટેશન (જીઈબી) (તા.ખંભાત) માંથી બદલી થઈને ગાંધીનગર પાવર સ્ટેશન (જીઈબી)માં નાયબ ઈજનેર તરીકે આવેલ.

તે પછી ૨૦૦૧ (ફેબ્રુઆરીમાં) મારી મોટી દીકરીના લગ્ન BAPS સ્વામિનારાયણ સત્સંગી કુટુંબમાં કર્યા. એટલે મારું કુટુંબ સ્વામિનારાયણ સત્સંગી થયું. તે પછી ૨૦૦૪માં મારી બીજી દીકરી સેજલ (જે હાલ ૨૦૦૪ થી યુએસએમાં છે) ના લગ્ન પણ BAPS સ્વામિનારાયણ સત્સંગી કુટુંબમાં કર્યા. તે પછી ૨૦૦૪માં, H_1B વિઝા ઉપર યુએસએ ગયેલ. હવે ૨૦૦૯માં તેને ગ્રીન કાર્ડ માટે અરજી કરી. અમેરિકન એમ્બસી દ્વારા કેટલાક પ્રશ્નો પૂછ્યા. તેના જવાબ આપવાના હતા. પરંતુ સંજોગવસાત જે વકીલ અટલાન્ટા (જર્યોજિયા, રાજય) માં ઑફિસ ધરાવતા હતા. તેને મળવા ગયા તો વકીલ મળ્યા નહિ.

આથી હું, મારી દીકરી જમાઈ મૂંઝવણમાં આવ્યા તે વખતે હું ને મારા પત્ની દીકરીને ઘેર (યુએસએ)માં જ હતા. તે વખતે ગુરુ પ્રમુખ સ્વામી મહારાજ દિલ્હીમાં હતા. મારા જમાઈએ અટલાન્ટાથી ફેક્સ દિલ્હી મોકલ્યો. તેમાં વિગતો જણાવી આશીર્વાદ માંગ્યા પૂજ્ય પ્રમુખસ્વામીએ પત્ર વાંચી રીટર્ન ફેક્સ દ્વારા આશીર્વાદ આપ્યા કે કોઈ વિઘ્ન નહીં આવે, બંનેને ગ્રીન કાર્ડ મળી જશે. મારા જમાઈએ પત્રનો જવાબ યુએસએએ એમ્બસીમાં લખી દીધો. પછી ૧૫ દિવસે ચમત્કાર રૂપે બંનેના ગ્રીન કાર્ડ આવી ગયા. આમ અશક્ય વસ્તુ હતી તે બાપાએ શક્ય બનાવી. આ ઉપરથી લાગે છે કે પ્રમુખ સ્વામીમાં સાક્ષાત સ્વામિનારાયણ ભગવાન રહીને જ કાર્ય કરે છે.

મારો એકનો એક દીકરો પણ પછી ૨૦૦૮માં સ્વામિનારાયણ BAPS સત્સંગીમાં પરણાવ્યો છે. આમ મારું આખું કુટુંબ સ્વામિનારાયણ સંસ્થામાં હાલ સમર્પિત છે.

- કાન્તિભાઈ ગોવિંદભાઈ પટેલ, સેક્ટર-૨૯, ગાંધીનગર

પગચંપીની પાવન સેવા બજાવી

૧૯૭૪ની વાત છે. એ સમયે રાજકોટ ખાતે પ.પૂ. શ્રી પ્રમુખ સ્વામી મહારાજ પધારેલા. ત્યારે રજપૂતપરામાં ઘણા સત્સંગીઓ પ્રમુખ સ્વામિના દર્શને જતા મેં જોયાં, હું પણ ગયેલો. હું પણ પ્રમુખ સ્વામિને ગોંડલમાં તેમજ રાજકોટ દર્શન અર્થે ગયેલો. ત્યારે પ.પૂ.શ્રી પ્રમુખ સ્વામી મહારાજના યુવાન યુવાન હરિભક્તો તેમના પગ દબાવવાની (પગચંપીની) સેવા બજાવતા હતા. મને એ ગમ્યું ને હું પણ એ પાન કાર્યમાં જોડાયો. મેં પણ શ્રી પ્રમુખ સ્વામિના પગ દાબવાની સેવા બજાવી છે એ યાદ કરીને હું આજેય ધન્યતા અનુભવું છું.

- મનસુખ પંચાલ, સ્વતંત્રતાસેનાની

પૂ. પ્રમુખ સ્વામી મહારાજ : જેમને અંતર અક્ષરધામ



જ્યારે હજારો ભૂલો પછી પણ તમે તમારી જાતને પ્રેમ કરો છો, તો પછી બીજાની એક ભૂલ માટે શા માટે નફરત કરો છો ?

એક દર્શન બની ગયાં જીવનસુધારક

પ્રથમ વખત જયારે બાપાના પ્રત્યક્ષ દર્શન કર્યા ત્યારની વાત કરું તો કંઈક અલગ 'તેજ' તેમના મુખ પર જોવા મળ્યું. જે અત્યાર સુધી કલ્પનામાં હતું તે ભગવાન આવા હોય. માત્ર દુરથી કરેલા દર્શન પણ મારા માનસ પણ એવો પ્રભાવ પાડી ગયા કે જાણે હું પ્રત્યક્ષ ભગવાનને જોઈને આવ્યો હોઉં. થોડા સમય માટે અવાક્ બની માત્ર દર્શન જ કરતો રહ્યો. જગ્યાનું, ભીડનું વગેરે કોઈ પણ ભાન રહ્યું નહીં... બસ માત્ર દર્શન કરતો રહ્યો. ત્યારથી મનમાં એક વાત ભમ્યા કરતી કે કોઈ એવા પુરુષના દર્શન માત્રથી જો તમે બધુ ભુલી શકો તો પછી એમનાં સત્સંગથી તો શું ન થઈ શકે ? બસ આ એક વિચારે મારા જીવનને પવિત્ર કરવાનું શરુ કર્યું હોય એમ હું માનું છું. BAPS સંસ્થા મારા માટે જીવનસુધારક સંસ્થા બની ગઈ છે. જેના સત્સંગમાં આવવાથી મારા જીવનમાં ઘણા સારા પરિવર્તન થવા લાગ્યા છે. આપ અમારા હૃદયમાં રહો તેવી આપને હૃદયતી પ્રાર્થના.

- પલ્લવ મહેતા, સેક્ટર-૨૮

મારા અંતરની ઈચ્છા પૂર્ણ કરી

પૂ. પ્રમુખ સ્વામી જયારે ગાંધીનગર વૉટર-શૉનાં ઉદ્‌ઘાટન પ્રસંગે પધારેલ તે વખતે મારી બહુ ઈચ્છા કે મને સ્વામીશ્રીની કંઈક પ્રાસાદિક વસ્તુ મળે. આ સમયગાળા દરમિયાન મારા પતિને નારાયણ ચરણ સ્વામીને મળવાનું થયું કે તમે એમની પાસે કંઈક માંગો. મારા પતિએ તરત જ ના પાડી, કે એમ કંઈ ના મંગાય. મારી અસેવા થઈ જાય. મેં કહ્યું કે તમે નહીં માંગો તો હું કોઈક દ્વારા કહેવડાવીશ કે શૈલેષભાઈની પત્નીને પ્રાસાદિક વસ્તુ આપો. તેમણે છતાં પણ મને ના પાડી. જો આવું કરતી. આ દરમિયાન મારા પતિને સ્વામીશ્રીની હ્લીલયેરની ગત સેવા મળી. જેથી તેઓ સેવા કર્યા બાદ અંગત મુલાકાત માટે બાપાને મળવા ગયા. આ દરમિયાન જયારે તેમને બાપાએ આશીર્વાદ આપ્યા તે સમયે નારાયણ ચરણ સ્વામીએ પાછળથી બાપાને વિનંતી કરી કે બાપા આમને વિશેષ સેવા કરી છે. બાપાએ તરત જ તેમણે પહેરેલી માળા કે જે પોતે ફેરવતા હતા તે માળા મારા પતિને પ્રાસાદિક સ્વરૂપે આપી. આ રીતે સ્વામીશ્રીએ મારા અંતર્યામીરુપે અંતરની ઈચ્છા પુરી કરી કે જે મારું જીવનભરનું સંભારણું બની ગયું.

- દક્ષા શૈલેષભાઈ પટેલ, સેક્ટર-૨૨

સ્વામી બાપાની કૃપાથી મારી બદલી થઈ

મારી નિમણૂંક RCH Programme હેઠળ ગારિયાધાર પાસેના એક ગામ 'વેળાવદર'માં થઈ. હું હાજર તો થઈ પણ અજાણ્યો, અંતરિયાળ વિસ્તાર. અમદાવાદથી ઘણું દૂર ગામ. હું એક શહેરી છોકરી, અને જે ગામમાં ગઈ ત્યાં કદાચ હજુ પાણી કે લાઈટની પણ પૂરતી સગવડ નહોતી. મહારાજ, સ્વામીને પ્રાર્થના કરતી અને ત્યાંથી અમદાવાદના નજીકના ગામમાં કયાંક બદલી થાય તેની અરજી કરી. બધાના આશ્રર્ય વચ્ચે, એક કોન્ટ્રાક્ટર વર્કરની બદલી અશક્ય હતી ત્યારે મારી બદલી હેઠળ સ્વામી બાપાની કૃપાથી વલ્લીપુરના ગામ પાટણામાં થઈ. સ્ટાફમાં બસ એક જ ચર્ચા હતી આની બહુ લાંબી પહોંચ લાગે છે. મેં કીધું 'હા', મારી ઓળખાણ.

મારા ભગવાન અને સ્વામી બાપા જ છે. બધા હજુ આશ્રર્યમાં જ હતા. 'વેળાવદર'ના ગામના લોકોએ તો બદલી થતા છાપામાં પણ છપાવ્યું કે આટલા વર્ષોથી કોઈ હતું નહિ અને હવે જો આવ્યું તેને પણ બદલી કરી નાંખી. પરંતુ, મહારાજ - સ્વામીની કેવળ કૃપાથી આજે હું એક સારી કંપનીમાં સારી પોસ્ટ પર નોકરી કરી સ્વામી-બાપાની ઋણી છું.

- બીના પ્રાણલાલ પટેલ
ઈફ્કો ટાઉનશીપ, કસ્તૂરીનગર

એમનાં ચરણસ્પર્શથી અજવાળાંરૂપી જ્ઞાન પ્રાપ્ત થયું

હું ૧૯૮૩ થી ૧૯૮૫ સુધી સતત ત્રણ વર્ષ સુધી દર મંગળવારે સાંજે સભામાં જતો હતો. ત્યાં જવા માટે મને મારી યુનિયન બેંક ઑફ ઈન્ડિયાની આણંદની શાખામાં હું કલાર્ક તરીકે નોકરી કરતો હતો. ત્યારે બધા મને જે.સી. વાઘેલાના નામથી સંબોધતા હતા. ત્યારે મારી સાથેના કર્મચારી સોલંકીભાઈ અને અમારા કસ્ટમર વેપારી મણિભાઈ પટેલ (ગુંદરના વેપારી) વાસો ગામના જેમના દ્વારા સાક્ષાત્ પ્રમુખ સ્વામીજીને એમો નિત્ય સમયે સાભળતા અને ઉપદેશો ગ્રહણ કરતા. જેના દ્વારા અમો ઘણું જ્ઞાન અને વિચારને મેળવી જીવનમાં ઉપયોગી નિવડ્યા છે. મેં તેમના પ્રત્યક્ષ દર્શન કર્યા હતા, તે યાદ કરીને ધન્યતા અનુભવું છે કારણ, તે પછી તેમની મહાનતાઓ અને જ્ઞાન પ્રચાર પ્રસાદ વધવાથી રુબરુ મળવું ખૂબ જ મુશ્કેલ હતું. પરંતુ ૧૯૮૩ થી ૧૯૮૫માં તેઓને એકદમ નજીક ચરણ સ્પર્શ કરવાથી જે અજવાળા રુપી જ્ઞાન પ્રાપ્ત થયું તે ખુબ જ યાદ આવે છે. તેથી જ આજ સુધી કયારેય કોઈ પણ વ્યક્તિ ગમે તેવું વર્તન કરે છતાં મારો પ્રયત્ન સામે જવાબ આપવાનો ઓછો હોય છે. આજ શાંતિ ગુણ પ્રમુખ સ્વામી દ્વારા પ્રાપ્ત થયા અને પવિત્ર ગુરુ જ્ઞાન અને પ્રમુખ સ્વામી સાથેનું જ્ઞાનરૂપ મિલન યાદગાર બની રહેશે તેજ પ્રમુખ સ્વામીને સાચા હૃદયની વંદન.

- જશવંતલાલ સી વાઘેલા, પેથાપુર

પૂ. બાપાને બગીચામાં ચાલતા જોયા...

લગભગ ૨૫ વર્ષ જૂની યાદ આજે તાજી થઈ છે. નિલયભાઈ છોટુભાઈ દેસાઈ સેક્ટર-૨૨માં રહે છે. તેમના નિવાસસ્થાને પ્રમુખ સ્વામી મહારાજની પધરામણી હતી. સંતો, ભક્તો અને પાડોશીઓ બાપાશ્રીના દર્શન કરવા હાજર હતા. પધરામણી કરી આરતી, કરી આશીર્વાદ આપ્યા. નિયમિત તનની તંદુરસ્તી માટે કે દાખલો બેસાડવા માટે મને ખબર નથી, પણ સાંજના સુમારે સેક્ટર-૨૨ના બગીચામાં હરિભક્તો ગોળ ધડિયાળ લઈને બગીચામાં એક બાજુ ઊભા હતા. પ્રમુખ સ્વામી એકબાજુથી આજુબાજુ, માળા ફેરવતા ચાલતા હતા. આ દૃશ્ય મને મારા ઘરમાંથી બહાર દેખાયું હતું. અમે એ બગીચામાં સાથે ક્રિકેટ રમતાં હતાં. આજે તો બધા મિત્રો જીવનમાં કયાંક આગળ નિકળી ગયા છે. કદાચ એ જગ્યાનો જ પ્રતાપ છે.

- ઉપેન્દ્ર મણિલાલ પટેલ, સેક્ટર-૨૮

મારા કાર્યથી પ્રભાવિત થઈ પૂ. બાપાએ અંતરથી આશીર્વાદ આપ્યા

મને મારા એક શિક્ષક મિત્ર સુરેશભાઈ પટેલનો પરિચય થતા તા.૨૫.૧૦.૨૦૦૯માં મને સાળંગપુર ખાતે તેઓની સાથે જવાની તક મળી. મારા વ્યસન મુક્તિના કાર્ય વિશે મારા મિત્ર એ પ્રમુખ સ્વામી મહારાજને રજુઆત કરી. બાપા ખૂબ જ પ્રભાવિત થયા ખુશ થઈ મને તેઓએ અંતરના આશીર્વાદ આપ્યા. તેઓના આશીર્વાદ થકી મને મારા કામની ખૂબ જ પ્રશંસા માનનીય મુખ્યમંત્રી ગુજરાત રાજ્ય દ્વારા મળી. તેઓના આશીર્વાદથી જ આશીર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટ અમદાવાદના ઉપક્રમે મને માન - ગર્વનર શ્રીમતી ડૉ. કમલા બેનીવાલના હસ્તે 'ધરતી રત્ન' એવોર્ડ પ્રાપ્ત થયો. પૂજય પ્રમુખ સ્વામીની તે દિવસની મુલાકાત યાદ કરતા મારી જાતને હું ધન્યતા અનુભવું છું. તેમજ મને બાપાના આશીર્વાદ મેળવવામાં સહભાગી થનાર સુરેશભાઈ પટેલનો અંતર હૃદયથી ખૂબ જ આભાર પ્રગટ કરું છું.

- ગુલાબચંદ એન પટેલ, સેક્ટર-૧૪

મારા પિતાજી ઘોડાગાડી જોડી બાપાને લેવા જતા

- ૧૭.૦૨.૧૯૯૧એ મારા લગ્ન થયેલ. મારી જાન સાળંગપુર - હનુમાન મારા મોસાળમાંથી જોડેલ. ૧૬.૦૨.૧૯૯૧ માંડવાના દિવસે સવારે ૧૦.૧૨ મિનિટે બ્રહ્મસ્વરુપ પ્રમુખ સ્વામી બાપા અને વિવેક સાગર સ્વામી - આરુણી ભગત, મારા નાના પૂ. હકાબાપુ અને અન્ય સંતોએ મારા ઘરે પધરામણી કરી આશીર્વચન આપેલ. ત્યારે મારા નાનાએ બાપાને મને ઠંડી બાંધવા વિનંતી કરેલ. ત્યારે બાપાને મેં માળા પહેરાવવા કીધું. જેથી આરુણી ભગત તાકાલિક મંદિરે જઈ તુલસીની માળા લઈ આવેલ. બાપાએ મને પહેરાવી રોજ નારાયણની માળા ફેરવવા જણાવી આશીર્વાદ આપેલ. જે માળા તેઓના આશીર્વાદથી માજે પણ મારા ગળામાં મારી રક્ષા કરે છે.
- વર્ષો પહેલા અમદાવાદ-બોટાદ મેલ (રેલવે ગાડી) ચાલતી, હાલ જેને 'ઈન્ટરસીટી' કહે છે. તેમાં બાપા અમદાવાદથી બોટાદ પધારતાં ત્યારે બોટાદ ખાતે અમારી ઘોડાગાડી અને મંદિરનો રોજો ઘોડો જોડી મારા પિતા તેઓને લેવા જતાં તે પ્રસાદીની ઘોડાગાડી અને રોજા ઘોડાની પાંચમી પેઢી તાજણ ઘોડી ૧૯૯૭માં મને બોલાવી તપોધન ભગતની હાજરીમાં પ્